પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૯ | ૧૧ નવેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; કારતક વદ - 3 | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ગુજરાત ભાજપમાં 'કહીં ખુશી, કહીં ગમ'

ભાજપે ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરી : પાંચ મંત્રીઓ સહિત ૩૮ વર્તમાન ધારાસભ્યોની ટિકીટ કપાઈ : આઠ પૂર્વમંત્રીઓએ સ્વેચ્છાએ ચૂંટણી નહિ લડવાની જાહેરાત કરી : ૪૬ નવા ચહેરાઓને તક અપાઈ : વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રિપિટ કરાયા

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ને માત્ર થોડાંક દિવસો બાકી છે. તો ગુજરાતની પ્રજા, ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ ભાજપ તરફથી કયા ઉમેદવારો ઉભા રહેશે તે જાણવા ઉત્સુક બન્યા હતા. ત્યારે ભાજપે પણ પોતાના ૧૬૦ ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ને માત્ર થોડાંક દિવસો બાકી છે. તો ગુજરાતની પ્રજા, ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ ભાજપ તરફથી કયા ઉમેદવારો ઉભા રહેશે તે જાણવા ઉત્સુક બન્યા હતા. ત્યારે ભાજપે પણ પોતાના ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધીમાં ૧૩૫ ઉમેદવારો તો કોંગ્રેસ દ્વારા ૪૨ ઉમેદવારોના નામોની જાહેરાત કરાઈ છે. આજે પણ આમ આદમી પાર્ટીએ તેની ૧૩મી યાદીમાં ૧૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. દરમિયાન ઉમેદવારોના નામોને લઈ દિલ્હીમાં ભાજપની બેઠકનો દોર શરૂ થયો હતો. દરમિયાન આજે સવારે ગુજરાત ચૂંટણી માટે ભાજપના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે.

વર્તમાન વિધાનસભા સ્પીકર નીમાબેન આચાર્યને પણ અંજારથી ટિકિટ નથી મળી. રાજકોટની ચારેય બેઠકમાં ઉમેદવાર બદલાયા. ગ્રામ્યની બેઠકમાં ૨૦૧૨માં વિજેતા ભાનુબેન બાબરીયા ફરી ટિકિટ મેળવવામાં સફળ રહ્યા છે. હાઈકોર્ટની ક્રિમીનલ કેસ ચાલુ રાખવાના આદેશ અને જામનગરમાં ગુંડાઓને ટિકિટ નહિ આપવી એવા પરિમલ નથવાણીના નિવેદન બાદ હકુભા જાડેજાનું પત્તું પણ કપાયું છે.

કોણ-કોણ રીપીટ કરાયા

આ દરમિયાન ચૂંટણી ન લડવા માટે ભાજપના સિનિયર નેતાઓએ આજે ધડાધડ જાહેરાત કરી દીધી હતી. આ નેતાઓમાં વિજય રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી), નીતિન પટેલ (પૂર્વ નાયબ મુખ્યમંત્રી), ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણમંત્રી), પ્રદીપસિંહ જાડેજા (પૂર્વ કાયદામંત્રી)નો સમાવેશ થાય છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ની જાહેરાત કરવામાં આવી ગઈ છે. જેને લઈને ભાજપ દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. જણાવી દઈએ કે, આ યાદી પહેલા વડાપ્રધાન મોદી અને શાહની હાજરીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સી આર પાટીલની બેઠક થઈ હતી. આ બાદ, ભાજપ તરફથી ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. ગુજરાત ચૂંટણીમાં ભાજપે ૧૮૨માંથી ૧૬૦ ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધા છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ આમ આદમી પાર્ટી દ્વારા પણ મોટા ભાગના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ, કોંગ્રેસ દ્વારા પણ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે.

ભાજપના ઉમેદવારોની યાદીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ઘાટલોડિયાથી રિપિટ કરવામાં આવ્યા છે. દસાડાથી પુરષોત્તમ પરમાર, રાપરથી વિરેન્દ્રસિંહ, ગીતાબા જેતપુરથી, ટંકારાથી દુર્લભભાઈ, જામનગર ઉત્તર રેવા બા. ઉનાઈમાંથી કાળુભાઈ રાઠોડ, મોરબીથી કાંતિ અમૃતિયા, વરાછા કિશોરભાઈ કાનાણી ,તલાળાથી ભગા બારડ, મહુવાથી જેતપુરથી જયેશ રાદડિયા.

કામરેજથી પ્રફુલભાઈ, બારડોલીમાંથી ઈશ્વરભાઈ, લીંબડીથી કિરિટ શાહ, ગંધીધામ માલતી મહેશ્વરી, મજુરાથી હર્ષ

(અનુસંધાન નીચેના પાને)

સંઘવી, વ્યારા મોહન કોકણી, કનુભાઈ દેસાઈ કપરાડા, જીતુભાઈ ચૌધરી ઉમરગામ

બીજા ફેઝમાં ઈડર રમણલાલ ઈશ્વરલાલ વોરા, મોડાસા ભીખુભાઈ પરમાર, વિરમગામમાંથી હાર્દિક પટેલ, એલિસબ્રિજમાંથી અમિતભાઈ શાહ, નારણપુરા જીતેન્દ્ર પટેલ, નિકોલ જગદીશ પંચાલ, બાપુનગર રાજેન્દ્રસિંહ ખુસવા, દરિયાપુર કૌશિકભાઈ, અસારવા દર્શના વાઘેલા, દસક્રોઈ બાબુભાઈ પટેલ, ખંભાત મહેશભાઈ રાવલ, ઉમરેઠ ગોવિંદ પરમારનાં નામ જાહેર થયા છે. ગુજરાતમાં બે તબક્કામાં મતદાન યોજાશે. ગુજરાત ચૂંટણી માટે ૧ અને ૫ ડિસેમ્બરનાં રોજ મતદાન થશે. આ સાથે ૮ ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

પ્રથમ તબક્કા માટે પાંચ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે.

કોણ-કોણ પડતા મુકાયા

જ્યારે, પ્રથમ તબક્કા માટે ૧૪ નવેમ્બર સુધી ભરી શકાશે ફોર્મ. પ્રથમ તબક્કા માટે ૧૫ નવેમ્બર સુધી ફોર્મ ચકાસવામાં આવશે. ૧૭ નવેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. બીજા તબક્કા માટે ૧૦ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. જેમાં ૧૭ નવેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જ્યારે ૧૮ નવેમ્બરે ફોર્મ ચકાસણી હાથ ધરાશે અને ૨૧ તારીખ સુધી ફોર્મ પરત ખેંચી શકશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ને લઈને ચૂંટણી પંચે મતદાર સુધારણા કાર્યક્રમ બાદ મતદારોની અંતિમ યાદી જાહેર કરી હતી. પંચ તરફથી જાહેર કરવામાં આવેલી યાદીમાં, રાજ્યમાં કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે. આ સાથે જ, રાજ્યમાં ૧૧,૬૨,૫૨૮ નવા મતદારો નોંધાયા છે. કુલ મતદારોમાં ૨,૫૩,૩૬,૬૧૦ પુરૂષ અને ૨,૩૭,૫૧,૭૩૮ મહિલા મતદારો સામે આવ્યા છે. જેમાં, ૪ લાખથી વધુ વિકલાંગ મતદારો પણ નોંધાયા છે. કુલ મતદારોમાં ૧,૪૧૭ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારોનો પણ સમાવેશ છે.

ગુજરાતમાં ૧૪મી વિધાનસભાની ચૂંટણી ૯મી ડિસેમ્બર, ૨૦૧૭ અને ૧૪ ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. ૧૮મી ડિસેમ્બરના રોજ મતગણતરી કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી હતી.

મુંબઈ પર આતંકી હુમલાના ભયને પગલે એલર્ટ જાહેર

આતંકવાદી ડ્રોન અને નાના એરોપ્લેનથી હુમલાને અંજામ આપી શકે છે, આ ઈનપુટ બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ફરી એક વખત આતંકવાદી હુમલાનો છાયો મંડરાવા લાગ્યો છે. મુંબઈમાં આતંકવાદી હુમલાને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, આતંકવાદી ડ્રોન અને નાના એરોપ્લેનથી મુંબઈમાં આતંકવાદી હુમલાને અંજામ આપી શકે છે. આ ઈનપુટ બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે અને અનેક ગતિવિધિઓ પર પાબંધી લગાવી દીધી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મુંબઈમાં રિમોટ કંટ્રોલ એરક્રાફ્ટથી હુમલાનું એલર્ટ પણ છે. એટલું જ નહીં આતંકવાદીઓ દ્વારા માત્ર મુંબઈના મુખ્ય સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા નથી પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે, આતંકવાદીઓ વીવીઆઈપીને પણ નિશાન બનાવી શકે છે. હાલ મુંબઈમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ છે. મુંબઈ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, જો કોઈ આ નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેને આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ સજા કરવામાં આવશે.

ગ્રેટર મુંબઈ પોલીસ કમિશનર દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આતંકવાદી અને રાષ્ટ્ર વિરોધી તત્વ ડ્રોન, રિમોટ કંટ્રોલ્ડ

● અનુસંધાન પાન-૭ પર

ઈંગ્લેન્ડ સામે ભારતનો ૧૦ વિકેટે શરમજનક પરાજય

ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ભારતીય ટીમ ફસકી પડી : ૧૬૯ રનનો લક્ષ્યાંક ઈંગ્લેન્ડની ટીમે વિના વિકેટે પાર પાડ્યો, ઈંગ્લેન્ડની ફાઈનલમાં પાકિસ્તાન સામે ટક્કર

સિડની, તા.૧૦

ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચમાં ભારતે આપેલા ૧૬૯ રનના ટાર્ગેટ સામે ઈંગ્લેન્ડના ઓપનર્સનો ઝંઝાવાત જોવા મળ્યો હતો. વિના વિકેટે ઈંગ્લેન્ડે આ ટાર્ગેટ ચેસ કરીને ભારતને કારમી હાર આપી છે.

૧૬ જ ઓવરમાં ઈંગ્લેન્ડે આ લક્ષ્યાંક હાંસલ કર્યો હતો અને ટી૨૦ વિશ્વ કપની મેચમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી કેપ્ટન બટલર અને હેલ્સ વચ્ચે જોવા મળી હતી.

અત્યાર સુધી સૂર્યકુમાર યાદવ અને કોહલીના પરફોર્મન્સને આધારે જ જીત મેળવી રહેલ ભારતની ટીમ આજના સેમિફાઈનલના મુકાબલામાં ડિફેન્ડ કરતા લાચાર જોવા મળી હતી.

ઈંગ્લેન્ડે વિના વિકેટે ૧૬ જ ઓવરમાં ૧૭૦ રન બનાવ્યા છે. આ અંકડો જ દર્શાવે છે કે ભારતની બોલિંગ કેટલી સાધારણ રહી હશે. બટલરે ૯ ચોર અને ૩ સિક્સ સાથે ૪૯ બોલમાં ૮૦ રન ફટકાર્યા હતા. હેલ્સે ૪૭ બોલમાં તોફાની ૮૬ રન ફટકાર્યા છે.

ભારતને હરાવીને ફાઈનલમાં પહોંચેલ ઈંગ્લેન્ડનો સામનો હવે પાકિસ્તાન સામે થશે. રસપ્રદ વાત એ છે કે આ જ પ્રકારની સેમ થિયરી ૧૯૯૨ના વર્લ્ડ કપમાં સર્જાઈ હતી. આ વર્લ્ડ કપ ઈંગ્લેન્ડને ૨૨ રને હરાવીને પાકિસ્તાને જીત્યો હતો.

મૈનપુરી પેટા ચૂંટણીમાં ડિમ્પલ યાદવને ટિકિટ

આ બેઠક મુલાયમ સિંહના નિધન બાદ ખાલી થઈ છે, મૈનપુરી બેઠક પર યાદવ પરિવારનો દાયકાઓથી કબ્જો છે

નવી દિલ્હી, તા.૧૦

સમાજવાદી પાર્ટીએ મૈનપુરી લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારનુ એલાન કરી દીધુ છે. પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની અને પૂર્વ સાંસદ ડિમ્પલ યાદવ ચૂંટણી લડશે.

આ બેઠક મુલાયમ સિંહ યાદવના નિધન બાદ ખાલી થઈ છે. મૈનપુરી બેઠક પર યાદવ પરિવારનો કેટલાય દાયકાઓથી કબ્જો છે. મુલાયમ સિંહ યાદવના રાજકીય વારસાને હવે ડિમ્પલ યાદવ સંભાળશે.

૪૪ વર્ષીય ડિમ્પલ યાદવે પોતાની પહેલી ચૂંટણી ૨૦૦૯માં લડી હતી, જ્યારે અખિલેશ યાદવે ફિરોઝાબાદ બેઠક છોડી હતી. આ પેટા ચૂંટણીમાં ડિમ્પલ યાદવને મશહૂર અભિનેતા અને રાજનેતા રાજ બબ્બર સામે હારનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ ૨૦૧૨માં કન્નૌજ લોકસભા બેઠક પર પેટા ચૂંટણી થઈ હતી જેમાં ડિમ્પલ યાદવ બિનહરીફ જીતી ગયા હતા.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ ડિમ્પલ યાદવે કન્નૌજથી ચૂંટણી લડી અને જીત્યા, પરંતુ ૨૦૧૯માં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપના સુબ્રત પાઠકે ડિમ્પલ યાદવને લગભગ ૧૦ હજાર વોટોથી હરાવી દીધા હતા.

ઈન્ડોનેશિયા જી-૨૦ સમિટ માટે જશે વડાપ્રધાન મોદી

ભારતીય સમુદાયના લોકો સાથે કરશે મુલાકાત

નવી દિલ્હી, તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બાલીમાં યોજાનાર ૯-૨૦ શિખર સંમેલન (૯-૨૦ જ્ઞેદ્વ્ઢ્ઢે) માં ભાગ લેશે. આ દરમિયાન પ્રધાનમંત્રી ઈન્ડોનેશિયામાં રહેતા ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ગુરૂવારે જણાવ્યું કે પીએમ મોદી ૧૭માં જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ૧૪થી ૧૬ નવેમ્બર સુધી ઈન્ડોનેશિયાના બાલીનો પ્રવાસ કરશે. અરિંદમ બાગચીએ આગળ કહ્યુ કે ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, સ્વાસ્થ્ય અને ડિજિટલ પરિવર્તન સહિત જી-૨૦ શિખર સંમેલનના એજન્ડાના ભાગ રૂપે ત્રણ કાર્ય સત્ર આયોજીત કરવામાં આવશે. પીએમ મોદી ઈન્ડોનેશિયામાં અન્ય દેશોના રાષ્ટ્રા અધ્યક્ષોની સાથે મુલાકાત કરશે.

ઈન્ડોનેશિયાની જી-૨૦ પ્રેસીડેન્સી ૧ ડિસેમ્બર ૨૦૨૧થી શરૂ થઈ હતી. શિખર સંમેલનના સમાપન સત્રમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો પ્રતીકાત્મક રૂપથી પીએમ મોદીને જી-૨૦ની અધ્યક્ષતા સોંપશે.

ભારત આગામી ૧ ડિસેમ્બરથી G-20 ની અધ્યક્ષતા કરશે. મંગળવારે પીએમ મોદીએ ભારતના G-20 પ્રેસીડેન્સીના લોગો, થીમ અને વેબસાઈટનું અનાવરણ કર્યું હતું. આ તક પર પીએમ મોદીએ કહ્યુ હતુ કે જી-૨૦ ઈન્ડિયાનો લોગો વસુધૈવ કુટુમ્બકમનું પ્રતિનિધિત્વ કરે છે, આ લોગો માત્ર એક પ્રતીક ચિન્હ નથી.

દેશમાં સતત ચોથા દિવસે ભૂકંપના જોરદાર આંચકા

અરૂણાચલમાં અડધા કલાકમાં ભૂકંપના બે આંચકા

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં સતત ચોથા દિવસે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. પહેલો ભૂકંપ અરુણાચલ પ્રદેશના પશ્ચિમ સિયાંગ જિલ્લામાં સવારે ૧૦.૩૧ વાગ્યે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૭ માપવામાં આવી છે. બીજો ભૂકંપ અરુણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાં પણ આવ્યો છે. તે સવારે ૧૦.૫૯ વાગ્યે આવ્યો હતો અને તેની તીવ્રતા ૩.૫ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ગુરુવારે સવારે અરુણાચલ પ્રદેશમાં અડધા કલાકના અંતરાલ સાથે બે ભૂકંપ આવ્યા હતા. અરુણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાં બંને વખત ભૂકંપ આવ્યો છે. પહેલો ભૂકંપ સવારે ૧૦.૩૧ વાગ્યે અને બીજો ભૂકંપ સવારે ૧૦.૫૯ વાગ્યે આવ્યો હતો. બંને વખત ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીથી ૧૦ કિમી નીચે હતું. જો કે, હજુ સુધી આ ભૂકંપમાં કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી. આ પહેલા બુધવારે બપોરે ૨.૩૦ વાગ્યે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ટેરર ફંડિગ કેસમાં એનઆઈએના તામિલનાડુમાં ૪૫ સ્થળોએ દરોડા

કોઈમ્બતુર બ્લાસ્ટ સાથે જોડાયેલ ટેરર ફંડિંગ કેસ : એનઆઈએની ટીમ ૨૧ સ્થળોએ હાજર, ૧૫૦ અધિકારી અને કર્મચારીઓ તમિલનાડુમાં ચાલી રહેલા દરોડામાં સામેલ

નવી દિલ્હી, તા.૧૦

તમિલનાડુના કોઈમ્બતુર બ્લાસ્ટ સાથે જોડાયેલા ટેરર ફંડિંગ કેસમાં એનઆઈએ એક્શનમાં આવી છે. ટેરર-ફંડિંગ કેસમાં મોટી કાર્યવાહી કરતા એનઆઈએની ટીમે તમિલનાડુમાં ૪૫ સ્થળોએ દરોડા પાડ્યા છે જેમાં કોઈમ્બતુરના ૨૧ સ્થળો સામેલ છે. તમિલનાડુમાં ઘણી જગ્યાઓ પર રાત્રે ૧:૦૦ વાગ્યે જ દરોડા શરૂ થયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોઈમ્બતુરમાં સવારે ૫:૦૦ વાગ્યાથી દરોડા પાડવાની શરૂઆત કરવામાં આવી હતી અને હવે એનઆઈએની ટીમ ૨૧ સ્થળોએ હાજર છે. એનઆઈએના લગભગ ૧૫૦ અધિકારીઓ અને કર્મચારીઓ તમિલનાડુમાં ચાલી રહેલા દરોડામાં સામેલ છે. એવું માનવામાં આવે છે કે એનઆઈએની આ કાર્યવાહી કોઈમ્બતુરમાં કારમાં સિલિન્ડર બ્લાસ્ટ કેસની તપાસ સાથે સંબંધિત છે કારણ કે છેલ્લા દિવસોમાં એનઆઈએએ કોઈમ્બતુર બ્લાસ્ટ કેસમાં તપાસ માટે કેસ નોંધ્યો હતો અને કાર્યવાહી શરૂ કરી હતી.

૩૦ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ તમિલનાડુના કોઈમ્બતુરમાં સિલિન્ડર બ્લાસ્ટ કેસની સત્તાવાર રીતે તપાસ શરૂ કરી હતી. ૨૩ ઓક્ટોબરે શહેરના એક મંદિરની સામે બનેલી ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું.